# અસ્ખલિત વહેતો પ્રેમનો ધોધ : બાળઉછેર માટે સાહેબજીનો બોધ

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

**જ્યારે** મારી બહેન ચાર વર્ષની હતી, ત્યારે તેને રૂમના ખૂણામાં પડેલું એક નાનું બૉક્સ મળી આવ્યું. રસપૂર્વક એ બૉક્સને ખોલતાં, તેમાં તેણે એક કેસેટ ટેપ જોઈ કે જેની પર મારા પપ્પાનું નામ અને 'મનપસંદ ગીતો' એવું લખેલું હતું. એ ટેપમાં મારા પપ્પાની યુવાનીના સમયનાં ને યૂટ્યૂબના જમાના પહેલાંનાં પ્રસિદ્ધ ઉત્તમ ગીતોનો સંગ્રહ હતો. કુતૂહલવશ મારી બહેને એ ટેપની અંદરની ફિલ્મને પૂરેપૂરી બહાર કાઢી નાખી અને નિર્દોષતાથી નવા પોશાકની જેમ પોતાના શરીર પર વીંટાળી દીધી.

જ્યારે મારા પપ્પા રૂમમાં આવ્યા ત્યારે તેમની આંખો પોતાની દીકરી, મ્યુઝિકનું બૉક્સ અને કેસેટ ટેપ કે જે હવે સંગીત વગાડી શકવા યોગ્ય રહી નહોતી તેને ઝડપથી જોવા લાગી. તેમણે ફરી મારી બહેન તરફ જોયું, તો તે હવે આખા શરીર પર વીંટાળેલી ફિલ્મ સાથે આનંદપૂર્વક નાચતી હતી. મારા પપ્પાને ગુસ્સાની સાથે દુઃખ પણ થયું, કારણ કે, તેમણે તેમના અત્યંત પ્રિય ગીતોનો સંગ્રહ કાયમ માટે ગુમાવ્યો હતો. પણ અમારા આશ્ચર્યની વચ્ચે, ત્યારે તેઓ એક કેમેરો લઈ આવ્યા અને મારી બહેનની સાથે હસતા-આનંદ કરતા તેના ફોટા પાડવા લાગ્યા. આજની તારીખે પણ આ પ્રસંગની સ્મૃતિ કરતાં તેઓ હંમેશાં કહે છે કે, "તે એટલી નિર્દોષ અને એટલી ખુશખુશાલ લાગતી હતી કે, સહેજે જ હું તેના પર ગુસ્સે થઈ શક્યો નહીં."

આપણે કદાચ, દરેક વ્યક્તિમાં ભગવાનને જોવાના મહત્ત્વ વિશે સાંભળ્યું હશે, પણ તે ક્ષણે મેં આ સિદ્ધાંતને મારી નજર સમક્ષ પ્રત્યક્ષ અનુભવ્યો. મારા પપ્પાએ મારી બહેનમાં ૪ વર્ષની ધમાલ કરતી દીકરી જોવાને બદલે ભગવાનના સહજ-આનંદસ્વરૂપની પ્રતિકૃતિરૂપ પ્રફુલ્લિત બાળક જોવાનું પસંદ કર્યું. આપણે પણ આવા પ્રસંગે જરા થોભીને આપણી જાતને યાદ કરાવીએ કે, 'ભગવાન જ દરેકમાં કાર્ય કરી રહ્યા છે' તો પછી ગુસ્સો પણ પ્રેમમાં પરિણમી શકે છે.

મને યાદ છે કે, વર્ષો પછી એક નિર્ભીક કિશોરી એવી મેં, મારી મમ્મીને સીધું જ પૂછ્યું કે, તમે અને પપ્પાએ અમને કેમ કોઈ દિવસ શારીરિક શિક્ષા નથી કરી ? ત્યારે મમ્મીએ અત્યંત મૃદુતાથી જવાબ આપ્યો કે, 'તમે તો ભગવાને મોકલેલી અમારી વ્હાલી પરીઓ છો. અમે તમારી સાથે એવું ક્યારેય ના કરી શકીએ.' હું માનું છું કે, દરેક બાળક ભગવાને આપેલી ભેટ છે, અને તેઓ પ્રેમ તથા કાળજી મેળવવાના અધિકારી છે. અને તે માટે દરેક માતાપિતા અને વાલી હંમેશાં પોતાનો ઉત્તમ પ્રયત્ન કરતાં હોય છે. મને આશા છે કે, દરેક માતા-પિતા અને વાલીઓ આ બાબતને ધ્યાનમાં રાખીને અત્યંત પ્રેમ અને લાગણીથી બાળકનો ઉછેર કરશે અને સાથે એ વાત પણ ધ્યાનમાં રાખશે કે, બાળકને ઉછેરવાની અનેક રીતો હોય છે તેમજ પ્રેમ અને લાગણી વ્યક્ત કરવાની દરેકની રીત પણ અલગ-અલગ હોઈ શકે છે.

બાળકોના ઉછેર માટે મારાં માતા-પિતાનો અભિગમ સદ્‌ગુરુ સાધુ પ.પૂ. શાંતિદાદા દ્વારા આપવામાં આવેલ સમજ : *'બાળકોને આપણે માત્ર પ્રેમ, પ્રેમ ને પ્રેમ જ આપવાનો, બાકી બધું ભગવાન સંભાળી લેશે.'* દ્વારા મળેલ માર્ગદર્શનને કારણે હતો. હતાશાની પળોમાં તેઓ થંભી જતાં અને શાંતિદાદાએ કહેલી વાતો પર વિચાર કરતાં. આવી ઘર્ષણની પળોમાં થોડી ક્ષણો ધીરજ રાખવાથી આપણે પણ શાંતિદાદાએ આપેલ શીખને મનમાં તાજી કરી શકીએ છીએ અને આપણા સંબંધોની માવજતમાં સહજતાથી તેને અપનાવી શકીએ છીએ.

આજે એક વયસ્ક યુવતી તરીકે, જ્યારે હું વીતેલા સમયમાં થયેલા મારા ઉછેર અને વિકાસને જોઉં છું ત્યારે પૂ. શાંતિદાદાએ મારાં માતા-પિતાનું મારી અને મારી બહેન સાથેના પ્રેમભર્યા વ્યવહાર માટે કેવું ઘડતર કર્યું તે હવે મને સમજાય છે. પરિણામે, હું જે યુવાઓ સાથે માનસિક સ્વાસ્થ્ય ચિકિત્સક તરીકે કામ કરું છું, તેમની સાથે માધુર્યભર્યો વ્યવહાર કરી શકું છું. આ જ તો અસ્ખલિત વહેતા પ્રેમના ધોધની અલૌકિક અસર છે ! જેવો પ્રેમ આપણે પામીએ છીએ, તેવો આપણે આપી શકીએ છીએ.

આપણે અન્યને પ્રેમ આપવાની આપણી ક્ષમતા કેવી રીતે વધારી શકીએ ? આ માટે સંતભગવંત સાહેબદાદા આપણને એક સરળ ટેવ પાડવાનું સૂચવે છે : 'દરરોજ રાત્રે સૂતાં પહેલાં આપણે આપણાં બાળકો અને પરિવારજનોના સકારાત્મક ગુણોના વિચાર કરીએ.' આવી ટેવ ન માત્ર આપણી ઊંઘની ગુણવત્તામાં સુધારો કરશે, પણ સાથે આપણાં બાળકોના સકારાત્મક ગુણો પર સક્રિય રીતે ધ્યાન કેન્દ્રિત કરવા માટે આપણા મનને વિકસિત કરશે.

સંતભગવંત સાહેબજીએ અદ્‌ભુત વાત કરી હતી કે, "વિશ્વની તમામ શાળાઓમાં આપણું ઘર એ સર્વોત્તમ શાળા છે અને આપણાં માતા-પિતા એ સર્વશ્રેષ્ઠ શિક્ષકો છે." આપણે આપણી જાતને હળવેથી પૂછીએ કે, "ઘર"ની શાળામાં કયા પાઠ ભણાવાઈ રહ્યા છે ?

આપણું વર્તન અને વ્યવહાર એ બાળકોના અભ્યાસક્રમ બની જાય છે. શું તેઓ આપણને બીજા સાથે આદરપૂર્વક વાત કરતાં જુએ છે ? શું જ્યારે આપણાથી ભૂલો થાય ત્યારે તેઓ આપણને નમ્રતાથી માફી માંગતાં સાંભળે છે ? શું તેઓ આપણને બીજાની ખટપટ-માથાકૂટથી દૂર રહેતાં જુએ છે ? શું તેઓ નોંધે છે કે, આપણે નિત્ય પૂજા કરીએ છીએ અને આપણી આવરદામાં વધુ એક નવો દિવસ આપવા બદલ ભગવાનનો આભાર માનીએ છીએ. તેમનામાં જે સદ્‌ગુણોની આપણે અપેક્ષા રાખીએ છીએ તેને અનુરૂપ આપણે જીવીએ છીએ ?

ઘરમાં આપણે જેવું જીવીશું, તે જ પછીથી આપણો વારસો બની રહેશે. આજે હું ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરું છું : સાહેબજીના બાળઉછેરના આવા અલૌકિક બોધમાંથી પ્રેરણા લઈને પહેલાં તો આપણે એવું જીવન જીવીએ કે જેથી ઘરમાં સંવાદિતા સ્થપાય. અને આ વાંચનાર દરેક માતા-પિતા અને વાલી પોતાની પાછળ દિવ્ય પ્રેમના ધોધનો વારસો આપીને જાય. ◆

*(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'-એપ્રિલ, ૨૦૨૪ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)*